# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-01-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : MONDAY** **National News**

## આકાશવાણી સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

****************************************************

1. ગાંધીનગરના મહાત્મા મંદિરમાં ભારત અને જર્મનીએ 19 મહત્વના સમજૂતી કરાર અને આઠ મહત્વની જાહેરાત કરી
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારત જર્મની સાથેની મિત્રતા અને ભાગીદારીને વધુ મજબૂત બનાવવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.
3. કેન્દ્રીય અંદાજપત્ર વર્ષ 2026-27 આગામી મહિનાની પહેલી તારીખે, રવિવારે લોકસભામાં રજૂ કરાશે.
4. કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે કહ્યું, વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા વિકસિત ગુજરાત જરૂરી - રાજકોટ VGRCમાં એક હજારથી વધુના MoU પર હસ્તાક્ષર
5. આજે રાષ્ટ્રીય યુવા દિવસ નિમિત્તે સ્વામી વિવેકાનંદની જન્મજયંતિની ઉજવણી થઇ
6. હવામાન વિભાગે આજે રાજસ્થાનમાં ભારે અને હિમાચલ પ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં ગાઢ ધુમ્મસ માટે રેડ એલર્ટ જાહેર કર્યું

..........................................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# India-Germany Joint Statement

ગાંધીનગરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેએત્સે વચ્ચે ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળની વાટાઘાટો બાદ વ્યૂહાત્મક ભાગીદારીની 25મી વર્ષગાંઠ સાથે થયેલી આ મુલાકાતમાં ભારત અને જર્મનીએ દ્વિપક્ષીય ભાગીદારીને વધુ ગાઢ બનાવતાં સંરક્ષણ, ટેકનોલોજી અને સ્વચ્છ ઉર્જાના ક્ષેત્રોમાં 19 સમજૂતી કરાર અને આઠ મુખ્ય જાહેરાત કરી.

પ્રધાનમંત્રી અને ચાન્સેલર મેએત્સે આગામી યુરોપિયન સંઘ ભારત સમિટના મુખ્ય પરિણામ તરીકે ભારત-યુરોપિયન સંઘ મુક્ત વેપાર કરાર પૂર્ણ કરવા માટે તેમના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો. જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેએત્સે સંકેત આપ્યો કે યુરોપિયન યુનિયન અને ભારત આ મહિનાના અંત સુધીમાં મુક્ત વેપાર કરાર પૂર્ણ કરી શકે છે.

આ મુલાકાતમાં બંને દેશ વચ્ચે સેમિકન્ડક્ટર, મહત્વપૂર્ણ ખનિજ સહયોગ, ટેલિકોમ્યુનિકેશન અને સંરક્ષણ ઔદ્યોગિક સહકાર વ્યૂહરચનાથી લઈને લશ્કરી હાર્ડવેરના સહ-વિકાસ અને સહ-ઉત્પાદન સુધીના ક્ષેત્રો પર ધ્યાન આપી અનેક સંયુક્ત ઉદ્દેશ્ય ઘોષણાપત્રો પર હસ્તાક્ષર થયા. બંને દેશોએ પ્રતિભા, ગતિશીલતા અને કૌશલ્ય સહયોગ પર વિશેષ ધ્યાન આપ્યું. આ મુલાકાતનો મુખ્ય મુદ્દો જર્મનીમાંથી પસાર થતા ભારતીય પાસપોર્ટ ધારકો માટે વિઝા-મુક્ત પરિવહન સુવિધાની જાહેરાત હતી.

આ અંગે સાંભળીએ એક અહેવાલ...

(વોઇસકાસ્ટ – અજય ઇન્દ્રેકર)

*બંને નેતાઓએ આર્થિક મોરચે વેપાર અને રોકાણને પ્રોત્સાહન આપવા માટે મુખ્ય કાર્યકારી અધિકારી ફોરમની સ્થાપનાનું સ્વાગત કર્યું. પર્યાવરણીય ટકાઉપણા માટે, જર્મનીએ "ગ્રીન એન્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ પાર્ટનરશિપ" હેઠળ 1.24 બિલિયન યુરોની નવા ભંડોળની જાહેરાત કરી, જે PM ઈ-બસ સેવા અને ગ્રીન હાઇડ્રોજન જેવા પ્રોજેક્ટ્સને ટેકો આપશે.*

*બંને નેતાઓએ ગ્રીન ટેકનોલોજી, નવીનતા અને આબોહવા કાર્યવાહીમાં સહયોગ વધારવા માટે ભારત-જર્મની સેન્ટર ઓફ એક્સેલન્સ સ્થાપિત કરવાના નિર્ણયની પણ જાહેરાત કરી. તેમણે ભારતના નેશનલ ગ્રીન હાઇડ્રોજન મિશન હેઠળ સૌથી મોટા ઓફટેક કરાર પર હસ્તાક્ષરનું સ્વાગત કર્યું, જેના હેઠળ AM ગ્રીન યુનિપર ગ્લોબલ કોમોડિટીઝને ગ્રીન એમોનિયાનો પુરવઠો પૂરો પડાશે. સાંસ્કૃતિક ક્ષેત્રે, જર્મન મેરીટાઇમ મ્યુઝિયમના સહયોગથી લોથલમાં નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સના વિકાસ માટે એક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. વધુમાં, બંને દેશો વચ્ચે સંસ્થાકીય સંબંધોને વધુ ગાઢ બનાવવા માટે ઉચ્ચ શિક્ષણ પર એક વ્યાપક રોડમેપનું આદાનપ્રદાન કરવામાં આવ્યું. આ મુલાકાત રમતગમત અને યુવાનો પર ખાસ ભાર મૂકીને પૂર્ણ થઈ, જેમાં યુવા હોકીના વિકાસ માટે એક નવા કરાર પર હસ્તાક્ષરનો સમાવેશ થાય છે.*

*અપર્ણા ખૂંટના અહેવાલ સાથે અજય ઇન્દ્રેકર, આકાશવાણી સમાચાર અમદાવાદ..*

----------

**PM – MAHATMA MANDIR**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે ભારત જર્મની સાથેની મિત્રતા અને ભાગીદારીને વધુ મજબૂત બનાવવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. ગુજરાતના અમદાવાદમાં જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેએત્સે સાથે સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા તેમણે કહ્યું કે પદ સંભાળ્યા પછી ચાન્સેલર ફ્રેડરિક મેએત્સેની આ ભારત અને એશિયાની પ્રથમ મુલાકાત છે, જે ભારત સાથેના સંબંધોને તેમના મહત્વ પર ભાર મૂકે છે. જર્મન મેરીટાઇમ મ્યુઝીયમના સહયોગથી લોથલમાં નેશનલ મેરીટાઇમ હેરીટેજ કોમ્પલેક્સના વિકાસ માટે એક હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

(BYTE- PM MODI, ) LOTHAL

તેમણે જણાવ્યું હતું કે આ સીમાચિહ્નો ફક્ત સમય-ચિહ્નો નથી પરંતુ સહિયારી મહત્વાકાંક્ષાઓ, પરસ્પર વિશ્વાસ અને સતત મજબૂત બનતા સહયોગને પ્રતિબિંબિત કરે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભારત અને જર્મની જેવી મુખ્ય અર્થવ્યવસ્થાઓ વચ્ચે ગાઢ સહયોગ સમગ્ર માનવતા માટે જરૂરી છે, અને વધતા વેપાર અને રોકાણ સંબંધોએ વ્યૂહાત્મક ભાગીદારીમાં નવી ઉર્જાનો સંચાર કર્યો છે.

(BYTE- PM – BHAGIDARI )

. . . . . . . . . . . . . . . . . . . . . .

## INDIA - GERMANY MoU SIGN-VIKRAM MISRI

વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ જણાવ્યું હતું કે જર્મન ચાન્સેલરની ભારત મુલાકાતમાં બંને દેશો વચ્ચે સંરક્ષણ, વેપાર, કૌશલ્ય, ગ્રીન એનર્જી

અને લોકોથી લોકો સુધીના સંબંધો જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. શ્રી મિશ્રીએ પત્રકારોને સંબોધતાં વધુમાં જણાવ્યું હતું કે બંને દેશોએ દ્વિપક્ષીય સંરક્ષણ ઔદ્યોગિક સહયોગને મજબૂત બનાવવા માટે સંયુક્ત ઉદ્દેશ્ય ઘોષણાપત્ર અને વેપાર અને રોકાણને પ્રોત્સાહન આપવા માટે મુખ્ય કાર્યકારી અધિકારીઓના ફોરમની સ્થાપનાનો સમાવેશ થાય છે.

----------

# PM VISIT GANDHI ASHRAM PATANGOTSAV

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને જર્મનીના ચાન્સેલર ફ્રેડરિક મૅએત્સે આજે અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો. સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાયેલા મહોત્સવમાં બંને મહાનુભાવોએ પતંગ ચગાવવાની મજા માણી હતી.

આ પહેલા બંને મહાનુભાવોએ સવારે સાબરમતી ગાંધી આશ્રમની મુલાકાત દરમિયાન રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

ગુજરાતના પ્રવાસે આવેલા જર્મન ચાન્સેલર શ્રી ફ્રેડરિક મેએત્સે ગાંધીનગરમાં અડાલજની ઐતિહાસિક વાવની મુલાકાત લીધી. જ્યાં તેઓ વાવના બાંધકામ અને નકશી કામને નિહાળી પ્રભાવિત થયા હતા. આ પ્રસંગે તેમની સાથે ભારતના વિદેશ મંત્રી ડૉ. એસ.જયશંકર, ભારત સ્થિત જર્મનીના રાજદૂત શ્રી ફિલિપ એકરમેન વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . . .

## Parliament - Budget Session

કેન્દ્રીય અંદાજપત્ર વર્ષ 2026-27 આગામી મહિનાની પહેલી તારીખે, રવિવારે લોકસભામાં રજૂ કરવામાં આવશે. સંસદનું અંદાજપત્ર સત્ર આ મહિનાની 28મી તારીખથી શરૂ થશે અને 2 એપ્રિલ સુધી ચાલશે. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ આજે નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદમાં એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે ગૃહમાં બજેટ રજૂ કરવાની શરૂઆત પહેલી ફેબ્રુઆરીએ સવારે 11 વાગ્યે થશે.

અગાઉ, સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે અંદાજપત્ર સત્રનો પ્રથમ તબક્કો, જે 28 જાન્યુઆરીથી શરૂ થશે અને 13 ફેબ્રુઆરીએ સમાપ્ત થશે, અને બીજા તબક્કો 9 માર્ચે ફરી શરૂ થશે અને 2 એપ્રિલ સુધી ચાલુ રહેશે.

----------

## VGRC MSME PIYUSH GOYAL

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે વિકસિત ભારત 2047 માટે ગુજરાત વિકાસ એન્જિન બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો. ગુજરાતના રાજકોટમાં વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ – VGRCમાં સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ – MSMEના સત્રને સંબોધતા શ્રી ગોયલે કહ્યું, વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા વિકસિત ગુજરાત જરૂરી છે.

આ બે દિવસની પરિષદમાં એક હજારથી વધુ MOU થયા.

----------

## Vivekanand - National Youth Day

આજે રાષ્ટ્રીય યુવા દિવસ છે. આ દિવસ સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ નિમિત્તે ઉજવવામાં આવે છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત અન્ય મંત્રીઓએ સ્વામી વિવેકાનંદને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

રાષ્ટ્રપતિએ કહ્યું કે સ્વામી વિવેકાનંદ એક શાશ્વત, સ્વપ્નદ્રષ્ટા અને આધ્યાત્મિક વ્યક્તિત્વ હતા. ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે સ્વામી વિવેકાનંદનું જીવન અને ઉપદેશો આંતરિક શક્તિ, સ્વ-શિસ્ત અને નિઃસ્વાર્થ સેવાને અર્થપૂર્ણ જીવનના આધારસ્તંભ તરીકે ભાર મૂકે છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે સ્વામી વિવેકાનંદ ભારતના યુવાનો માટે પ્રેરણાના શક્તિશાળી સ્ત્રોત છે. તેમણે શુભેચ્છા પાઠવી કે રાષ્ટ્રીય યુવા દિવસ તમામ દેશવાસીઓ, ખાસ કરીને યુવાનોમાં નવી શક્તિ અને નવો આત્મવિશ્વાસ લાવે.

----------

## WEATHER

હવામાન વિભાગે આજે રાજસ્થાનમાં ભારે અને હિમાચલ પ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં ગાઢ ધુમ્મસ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે.

આગામી બે થી ત્રણ દિવસમાં જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, ચંદીગઢ, હરિયાણા, રાજસ્થાન, દિલ્હી, બિહાર, પશ્ચિમ બંગાળની હિમાલયની તળેટી અને સિક્કિમમાં ગાઢ ધુમ્મસ છવાઈ

જશે. દરમિયાન, વિભાગે કહ્યું છે કે આજે તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં ભારે વરસાદની શક્યતા છે.

----------

## BANGLADESH - SINGER PROLAY CHAKI DIED

બાંગ્લાદેશના, પીઢ ગાયક અને આવામી લીગના નેતા પ્રોલય ચાકીનું પોલીસ કસ્ટડીમાં મૃત્યુ થયું છે. ભેદભાવ વિરોધી વિદ્યાર્થી આંદોલન દરમિયાન થયેલા કથિત હુમલા સાથે જોડાયેલા કેસના સંદર્ભમાં ડિસેમ્બરમાં ચાકીની ધરપકડ કરવામાં આવી હતી. જેલ અધિકારીઓએ જણાવ્યું હતું કે, ચાકીનું ગઈકાલે રાત્રે હોસ્પિટલમાં સારવાર દરમિયાન હ્રદયરોગના હુમલામાં મૃત્યુ થયું હતું.

----------

## Prime Minister – RADDY 2 Article

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ છેલ્લા ૧૧ વર્ષોમાં ભારતના કોલસા ક્ષેત્રે આગામી પેઢીના બળતણ તરીકે પોતાને ફરીથી પુનર્જીવીત કર્યું છે તે વાત પર ભાર મૂક્યો છે. કેન્દ્રીય કોલસા મંત્રી જી. કિશન રેડ્ડીના એક લેખના જવાબમાં, શ્રી મોદીએ કહ્યું કે આ લેખ દર્શાવે છે કે કોલસા ક્ષેત્ર, ગ્રીન ટેક્નોલોજી સાથે એકીકૃત રીતે સંકલિત થઈને, 2047 સુધી વિકસિત ભારત તરફ દેશની સફરમાં કેવી રીતે યોગદાન આપવાનું ચાલુ રાખશે.

જી. કિશન રેડ્ડીના અન્ય એક લેખનો ઉલ્લેખ કરતાં શ્રી મોદીએ કહ્યું કે આ લેખ દેશની યુવા પેઢી, જનરલ-જી, ને તેમની ઉર્જાને સકારાત્મક

કાર્યોમાં વાળવા બદલ પ્રશંસા કરે છે. સોશિયલ મીડિયા સંદેશમાં, પ્રધાનમંત્રીએ કહ્યું કે જી. કિશન રેડ્ડીએ તેમના લેખમાં રાષ્ટ્ર નિર્માણમાં ભારતીય યુવાનોની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડ્યો છે.

----------

## PIB Fact Check - Laptop

સરકારે સોશિયલ મીડિયા પર ફરતા એક સંદેશનું ખંડન કર્યું છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે સરકાર વિદ્યાર્થી લેપટોપ યોજના 2026 હેઠળ મફત લેપટોપ આપી રહી છે. સંદેશમાં લાભાર્થીઓને તેમની વ્યક્તિગત માહિતી શેર કરવા કહેવામાં આવ્યું છે. પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરો (PIB) ના ફેક્ટ ચેક યુનિટે જણાવ્યું હતું કે આ દાવો ખોટો છે અને કૌભાંડનો ભાગ છે, જેથી આવી લોભામણી જાહેરાતોથી લોકોએ છેતરાવવું નહીં.

----------

## US ambassador to India trade agreement

ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે જણાવ્યું હતું કે ભારત-અમેરિકા વેપાર કરાર પર વાટાઘાટો ચાલી રહી છે. આવતીકાલે વધુ વેપાર વાટાઘાટો થશે.

નવી દિલ્હીમાં ભારતમાં અમેરિકાના રાજદૂતનો પદ સંભાળ્યા પછી, ગોરે જણાવ્યું હતું કે બંને દેશો વચ્ચેના સંબંધો માટે વેપાર મહત્વપૂર્ણ છે. તેમણે જણાવ્યું હતું કે ભારત અને અમેરિકા સુરક્ષા, આતંકવાદ વિરોધી

પગલાં અને ઊર્જા જેવા મુખ્ય ક્ષેત્રોમાં સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખશે. શ્રી ગોરે જણાવ્યું હતું કે ભારતથી વધુ મહત્વપૂર્ણ કોઈ ભાગીદાર નથી.

----------

## PM- Young Leaders Dialogue

પ્રધાનમંત્રી મોદી મહાન આધ્યાત્મિક નેતા સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રીય યુવા દિવસ નિમિત્તે નવી દિલ્હીમાં વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ 2026 ના સમાપન સત્રમાં હાજરી આપી રહ્યા છે. આ પ્રસંગે, પ્રધાનમંત્રીએ પ્રદર્શનની મુલાકાત પણ લીધી અને યુવા નેતાઓ સાથે તેમની નવીનતા અને વિચારો જાણવા માટે વાતચીત કરી.

----------

## DRDO Test

સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન - DRDOએ હૈદરાબાદમાં ગતિશીલ લક્ષ્ય સામે ઉચ્ચ-સ્તરીય હુમલો ક્ષમતા ધરાવતી મેન-પોર્ટેબલ એન્ટી-ટેન્ક ગાઇડેડ મિસાઇલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું.

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે સફળ પરીક્ષણ માટે DRDO, તેના ભાગીદારો અને ઉદ્યોગજગતની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે આ પરીક્ષણ આત્મનિર્ભર ભારત તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ સ્વદેશી રીતે વિકસિત મિસાઇલમાં ઉચ્ચ-પ્રદર્શન

અને લક્ષ્યાંક પદ્ધતિ  જેવી અત્યાધુનિક સ્વદેશી તકનીકોનો સમાવેશ થાય છે.

----------